હિંદુ સંસ્કૃતિ અને દીવ વાંઝા દરજી સમુદાય સાથે જોડાયેલાં લોકોનો, યુનાઇટેડ કિંગડમમાં, મોટી સંખ્યામાં કાયમી રહેવાસીઓ તરીકે વસવાટ થવાંથી એક બિનનફાકારક અને બિનરાજકીય સમાજ રચવાની  આવશ્યકતા અનુભવવામાં આવી, જેથી કરીને તેમની સાંસ્કૃતિક ઉન્નતિ અને તેમનાં સમૃદ્ધ વારસાનું મૂલ્ય જળવાઈ રહે અને અંગ્રેજ સમાજના વ્યાપક માળખામાં તેમની અભિવૃદ્ધિ થાય. તેવા હેતુ સાથે વાંઝા દરજી સમાજની સંસ્થાપ્ના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧. સમાજનું નામ દીવ વાંઝા દરજી સમાજ યુ.કે., તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુઓ:

(ક) હિંદુ સંસ્કૃતિ અને દીવ વાંઝા દરજી સમુદાયમાં એકતા અને આત્મીયતા વધારવવા અને સમાજમાં સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે;

(ખ) આરોગ્ય અને રમતગમતની પ્રવૃત્તિઓને અને સમાજનાં મનોરંજનને પ્રોત્સાહન આપવા માટે;

(ગ) સમાજની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન અર્થે યોગ્ય નાણાનો ભંડોળ તથા ફાળો એકત્રિત કરવા માટે;

(ઘ) સમાજ દ્વારા હાથે ધરવામાં આવેલ પ્રવૃત્તિઓને જાહેર બનાવવા અને પ્રોત્સાહન આપવા માટે;

(ચ) બેઠકો તથા કાર્યક્રમોનું આયોજન કરવા માટે;

(છ) જ્યારે સમાજના લક્ષ્યાંકોને પહોંચી વળવા, જરૂરી માનવામાં આવે ત્યારે, પેટા સમિતિઓની રચના કરવા માટે;

(જ) યુવા પેઢી સમાજના સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત તથા સુનિશ્ચિંત રાખી શકે તે અર્થે પ્રોત્સાહિત કરવા માટે;

(ઝ) સમાજની વિવિધ વિધિઓની જાણકારી આપવા માટે, દાખલા તરીકે, કાર્યક્રમો, લગ્ન ઉત્સવો, ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવારોની પ્રવૃત્તિઓ, મૃત્યુ, અંત્યેષ્ટિ, વગેરે;

(ટ) દીવ વાંઝા દરજી યુ.કે.ના સભ્યોની નામાવલીનું સંકલન અને જાળવણી માટે.